No. of Printed Pages : 4 **BGULA-135**

# B.A. General (BAG)

# Term-End Examination

# June, 2025

## BGULA-135 : Modern Indian Language : GUJARATI

*Duration : 3 Hours* *Maximum Marks: 100*

છાપવામાં આવેલ પૃષ્ઠોની સંખ્યા : 4 **BGULA-135**

# બી.એ. સામાન્ય (BAG)

# ટર્મ–એન્ડ એકઝામિનેશન (સત્રાંત પરીક્ષા)

# જૂન – 2025

## BGULA-135 : આધુનિક ભારતીય ભાષા : ગુજરાતી

સમય : *3* કલાક મહત્તમ અંક : 100

---

**નોંધ :** 1. બધા સવાલો જરૂરી છે.

**2.** બધા સવાલોના જવાબ આપવા જરૂરી છે.

---

1. નીચેનામાંથી કોઈપણ ચાર ના જવાબો આપો 20

1 ગુજરાતી ભાષામાં વપરાતા વિદેશી શબ્દો

2 ગુજરાતી ભાષાના વિકાસની ભૂમિકાઓ

3 ગુજરાતીના પૂર્વ પ્રત્યયો

4 ગુજરાતીના કોઈપણ ત્રણ સમાસ સમજાવો

5 વાક્યનાં ઘટકો

6 વિશેષણ, ક્રિયા વિશેષણ અને કૃદંત

2. નીચેનામાંથી કોઈ <u>ચાર</u> વિશે લખો 20

(1) સુધારક યુગના બે સર્જકો

(2) ઝવેરચંદ મેઘાણીનું પ્રદાન

(3) ઉમાશંકર જોશી કવિ તરીકે

(4) પંડિતયુગના કવિ 'કાંત'

(5) પ્રેમાનંદનાં આખ્યાનો

(6) મીરાંબાઈ

3. નીચેનામાંથી કોઈ <u>એક</u> વિશે નિબંધ લખો. 10

(1) ભારતની આવતીકાલ

(2) મોબાઈલની મર્યાદાઓ

(3) ભાષા જાય તો સંસ્કૃતિ જાય

4. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો (કોઈ દસ) 10

(1) સુંદરમનું મૂળ નામ શું છે?

(2) ગાંધીજીના કોઈ બે અનુયાયી સર્જકોનાં નામ આપો..

(3) તાજેતરમાં ગુજરાતના કયા સર્જકોને પદ્મશ્રી એવોર્ડ પ્રાપ્ત થયો?

(4) 'મહારાજ લાયબલ કેસ' સાથે કયા સર્જકનું નામ જોડાયું છે?

(5) ઠકઠક અને ઠેરઠેર માંથી રવાનુકારી શબ્દ કયો?

(6) ગુજરાતીમાં વપરાતાં ચાર વિરામ ચિહ્નોનાં નામ કહો.

(7) ગુજરાતીની પ્રથમ અર્વાચીન કવિતા કઈ?

(8) આર્યસમાજના સ્થાપક કોણ હતા?

(9) ગુજરાતીમાં પ્રગટ થયેલી પહેલી આત્મકથાનું નામ આપો.

(10) ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક કોણ હતા?

(11) બે આધુનિક વિવેચકોનાં નામ આપો.

(12) ગુજરાતીના કોઈ એક જ્ઞાનપીઠ વિજેતા સર્જકનું નામ આપો.

5. નીચેના ગદ્યખંડનો સારાંશ લખો. 5

આજના શિક્ષણના ક્ષેત્રમાં ચારિત્ર્ય ઘડતરનો સમાવેશ થાય છે ખરો? ઇતિહાસ, ભૂગોળ, ગણિત, વિજ્ઞાન આદિ વિદ્યાભ્યાસના વિષયોમાં શિક્ષણ આપીને પરીક્ષા માટેની તૈયારી કરાવવી એ જ શિક્ષણનો ઉદ્દેશ હોય તેવી પરિસ્થિતિ આજે પ્રવર્તે છે. વિદ્યાભ્યાસ અને ચારિત્ર્ય નિર્માણનો જેમાં સમાવેશ થાય તેવી કેળવણીનો સ્પષ્ટ ભેદ સમજી લેવો ઘટે છે; વિદ્યાભ્યાસથી વિભિન્ન વિષયોનું જ્ઞાન મળે છે, વધારે બુદ્ધિવિકાસ થાય છે, જ્યારે ચારિત્ર્ય ઘડતરની કેળવણીમાં સહકાર, મૈત્રી, સ્વાર્થ, ત્યાગ, સમભાવ, માનવીય ઐક્ય, અન્ય વ્યક્તિઓ તરફ સ્વાભાવિક સ્નેહની લાગણી વગેરે માનવીય ગુણોનો વિકાસ મહત્વનું સ્થાન ધરાવે છે. એટલું જ નહિ પણ સ્વાર્થ, ઈર્ષ્યા, દ્વેષ, ક્રોધ, વેર જેવી હીનવૃત્તિઓ ઉપર અંકુશ

રાખતાં અને તેનું યોગ્ય નિયમન કરતાં શીખવે તે ચારિત્ર્ય – ઘડતરની કેળવણી માટે પાયાની વાત છે, ખરી કેળવણીમાં તો વ્યવસ્થિત બુદ્ધિવિકાસની સાથે ચારિત્ર્ય ઘડતરના ગુણોનું યોગ્ય અનુસંધાન થવું જ જોઇએ. આવી આજની શિક્ષણ યોજના નથી એ સ્પષ્ટ કરવાની ભાગ્યે જ જરૂર છે.

6. તમારી કોલેજમાં ઉજવેલા વાર્ષિકોત્સવનો એક અહેવાલ તૈયાર કરો. 5

7. નીચેનામાંથી કોઈ છ પ્રશ્નોના જવાબ આપો. 30

(1) એકોતેર કુળ તરી ગયાનો અનુભવ ક્યારે શકય બને છે?

(2) ગુજરાતની ચારેય દિશામાં ક્યા ક્યા દેવો બિરાજમાન છે?

(3) 'પોસ્ટઓફિસ' વાર્તાનો કેન્દ્રભાવ સમજાવો.

(4) નંદુગોરાણીનું પાત્રાલેખન લખો.

(5) 'ઘર' સાથે જોડાયેલી લેખકની લાગણીઓ.

(6) બત્રીસ પુતળીની વેદનામાં આવતા શાસ્ત્રીજીનો પરિચય કરાવો.

(7) ગુજરાતી ભાષાનાં સ્પર્શ વ્યંજનો.

(8) બત્રીસ પુતળીની વેદનામાં અનુરાધાનું પાત્રાલેખન.

× × × × ×